ક્રમાંક : જમન/ટે.૨૯-બ/બ/3533-38/૨૦૧૮-૧૯
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય
એ-વીંગ, ૩ જો માળ, અરણ્યભવન,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તા ૧૯/૦૯/૨૦૧૮.

**વિષય:** 2/4 lanning Bhuj-Khavda- Dharamshala section NH-341 from km 65+478 to km 162+185 in the State of Gujarat package II – Forest Diversion proposal

**સંદર્ભ :** આપના પત્ર ક્રમાંકઃ અ/જમન/ટે.૧૨/૪૩૨-૩૩, તાઃ૧૯/૦૫/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અનુસંધાને જણાવવાનું કે, વન સંરક્ષણ ધારા – ૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની હેક્ટર ૧૨૨.૪૦૭૭ ની રોડ વાઈડનીંગની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે.

સદરહુ દરખાસ્તમાં ડાયવર્ઝન વિસ્તાર હેક્ટર ૧૨૨.૪૦૭૭ ની સામે બમણા વિસ્તારની વળતર વનીકરણની સ્કીમ રાપર તાલુકાના મોજે. માંજુવાસ ગામના સર્વે નં.૩૦૭/પૈકી હેક્ટર ૧૦૦.૦૦ તથા રાપર તાલુકાના મોજે.ફતેગઢ ગામના સર્વે નં.૧૫૧૯/પૈકી હેક્ટર ૧૪૫.૦૦ મળી કુલ હેક્ટર ૨૪૫.૦૦ ની બનાવવામાં આવેલ છે. તેમાં માંજુવાસ ગામમાં વળતર વનીકરણ માટે સુચવેલ વિસ્તારમાં અગાઉ પ્લાન્ટેશન કરેલ હોવાનું જણાઈ આવે છે.

ઉપરોક્ત બન્ને ગામો રણકાંઠાના વિસ્તાર હોવાથી તેમાં વળતર વનીકરણ લેવુ બિલકુલ હિતાવહ નથી. આવા વિસ્તારોમાં વળતર વનીકરણ લેવામાં આવે તો ભવિષ્યમાં પરિણામ શૂન્ય મળે જે યોગ્ય જણાતુ નથી. સરકારશ્રી દ્વારા આવા વળતર વનીકરણ વિસ્તારોનું સતત મોનીટરીંગ કરવામાં આવતુ હોઈ તેથી ઉપરોક્ત સ્કીમ રદ કરવી અને વળતર વનીકરણમાં પુરતી સફળતા મળે તેવા સારા વિસ્તાર પસંદ કરી નવેસરથી સ્કીમ તૈયાર કરી અત્રે ચાર પ્રતમાં સાદર કરવી તથા તેની કે.એમ.એલ. ફાઈલ, જીઓ રેફરન્સ મેપ, ટોપોશીટ મેપ રજુ કરવી તથા વેબ પોર્ટલ ઉપર અપલોડ કરવુ.

વધુમાં જણાવવાનું કે, વળતર વનીકરણ માટે આવા વિસ્તાર ઉપલબ્ધ ન હોય તો તેની અત્રે જાણ કરવી. જેથી અત્રેથી અન્ય વન વિભાગોમાં સ્કીમ તૈયાર કરાવી શકાય.

(યુ. ડી. સિંઘ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
કચ્છ વન વર્તુળ, ભુજ

**નકલ રવાનાઃ** નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ વિસ્તરણ વન વિભાગ, ભુજ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.